# ‘કૃષ્ણાવતારમ’માં સંબંધોના મર્મ સમજાવતી દ્રષ્ટાંત કથાઓ આજે પણ એટલી જ પ્રાસંગિક

આજના સમયમાં પરિવારોમાં વધતા માનસિક અંતર, સંબંધોમાં વધતી અસહનશીલતા, ‘હું’ અને ‘મારું’ વચ્ચે અટવાતા સંબંધો અને નાની બાબતોમાં તૂટી પડતાં ઘરો વચ્ચે કદાચ ફરી એક વાર આપણા મૂળ તરફ જોવાની જરૂર છે. પરિવાર માત્ર લોહીના સંબંધોનું નામ નથી; પરિવાર એ સ્વીકાર, સમર્પણ, મૌન, ત્યાગ અને એકબીજાને સમજવાની સતત પ્રક્રિયા છે. કદાચ એટલા માટે જ આપણી પૌરાણિક કથાઓ અને કૃષ્ણ જેવાં પાત્રો આજે પણ પ્રાસંગિક લાગે છે કારણ કે એ સંબંધોને જીતવાની નહીં પરંતુ સાચવવાની કળા શીખવે છે.

હાલમાં જ ‘કૃષ્ણાવતારમ’ ફિલ્મ જોવાની તક મળી. કૃષ્ણ અને સત્યભામાના સંબંધોને કેન્દ્રમાં રાખતી આ ફિલ્મમાં માત્ર પૌરાણિક પ્રસંગો નહીં પરંતુ માનવીય સંબંધોની ઊંડી સમજ, લાગણીઓનું સંતુલન અને જીવન જીવવાની કળા ખૂબ સુંદર રીતે રજૂ કરવામાં આવી છે. રાધા, રુક્મિણી, જામવતી, સત્યભામા, દ્રૌપદી, દાઉ બલરામ અને મહાભારતના પ્રસંગો દ્વારા ફિલ્મ સતત એક વાત સમજાવે છે કે આપણી પૌરાણિક કથાઓ માત્ર ધાર્મિક આસ્થા માટે નથી; એ જીવનના દરેક સંબંધ માટે માર્ગદર્શનરૂપ છે. છેલ્લાં ત્રીસ વર્ષથી સામાજિક અને પારિવારિક ક્ષેત્રે અનેક લોકો સાથે કામ કરતી વખતે મને વારંવાર અનુભવાયું છે કે આ દ્રષ્ટાંત કથાઓ માત્ર પુસ્તકોમાં જ નહીં પરંતુ આજના જીવનમાં પણ જીવંત છે. અનેક પરિવારોના પ્રશ્નો, તૂટતા સંબંધો અને માનસિક સંઘર્ષોમાં મને આ જ કથાઓના ઉકેલો જીવંત રીતે દેખાયા છે અને જેનો મેં વારંવાર ઉપયોગ કર્યો છે.

ફિલ્મનો એક ખૂબ સ્પર્શી જતો પ્રસંગ લાક્ષાગૃહનો છે. જ્યારે મધરાતે કૃષ્ણની માતાને ખબર પડે છે કે પાંડવો લાક્ષાગૃહની આગમાં ભસ્મ થઈ ગયા હશે ત્યારે કૃષ્ણ તેમને શાંતિથી કહે છે કે “ચિંતા ન કરો, પાંડવો સુરક્ષિત છે.” માતા આશ્ચર્યથી પૂછે છે કે “જો તને આ ખબર હતી તો અમને પહેલાં કેમ ન જણાવ્યું?” ત્યારે કૃષ્ણ કહે છે – “જેટલું ઓછું જાણો, એટલું ઘણી વખત સારું હોય છે. વધુ જાણવાથી ચિંતા પણ વધુ થાય.” પછી તેઓ સમજાવે છે કે વિદુરે ગુપ્ત સુરંગ તૈયાર રાખી હતી અને તેના દ્વારા પાંડવો બચી ગયા. આ પ્રસંગ માત્ર એક ઘટના નથી પરંતુ સંબંધોનું એક મોટું અને અગત્યનું જીવનસૂત્ર છે. ઘણી વખત આપણે સંબંધોમાં દરેક વાત તરત જાણી લેવાની અને તરત કહી દેવાની ઉતાવળ કરીએ છીએ પરંતુ દરેક સત્યનો એક યોગ્ય સમય હોય છે. ક્યારેક મૌન પણ પ્રેમ હોય છે કારણ કે તે સામેની વ્યક્તિને



બિનજરૂરી ભય, ચિંતા અને તકલીફથી બચાવે છે. સંબંધો માત્ર પારદર્શકતા પર નહીં પરંતુ સમજદારી, સમયની પરખ અને સંવેદનાથી ટકતા હોય છે – અને કદાચ આ જ કૃષ્ણ આપણને શીખવતા હતા.

ઘણા પરિવારોમાં મેં જોયું છે કે લોકો ઉતાવળમાં દરેક વાત ખુલ્લી મૂકી દે છે અને પછી ગેરસમજ, ભય અને તણાવ વધે છે. ઘણી વખત યોગ્ય સમય સુધી મૌન રહેવું પણ સંબંધોને બચાવવાનો એક સંવેદનશીલ રસ્તો હોય છે.

સત્યભામા અને રુક્મિણીનો પ્રસંગ પણ એટલો જ ગહન છે. નારદ મુનિ કૃષ્ણને સત્યભામા સાથેના લગ્નપ્રસંગે પારિજાતનાં અલભ્ય ફૂલોનો થાળ ભેટ આપે છે અને કૃષ્ણ તે રુક્મિણીને આપી દે છે. સત્યભામાને આ વાત દુઃખ આપે છે. ત્યારે કૃષ્ણ સમજાવે છે કે “રુક્મિણીએ પોતાના પતિમાં તને ભાગીદાર બનાવી સ્વીકારી લીધી પરંતુ તું એક ફૂલનો થાળ પણ વહેંચવા તૈયાર નથી.”

આજના સમયમાં પણ ઘણાં ઘરોમાં પતિ ઘણી વખત માતા અને પત્ની વચ્ચે સંઘર્ષમાં ફસાઈ જાય છે. જ્યારે પતિ માતાને થોડું વધુ મહત્ત્વ આપે ત્યારે ઘણી વખત પત્નીને એવું લાગે છે કે તેને ઓછો પ્રેમ મળે છે અથવા તેનું સ્થાન ઓછું થઈ ગયું છે પરંતુ સંબંધોમાં પ્રેમનું માપ હંમેશાં સરખા ભાગોમાં વહેંચાતું નથી; દરેક સંબંધનું સ્થાન અલગ હોય છે. જે વ્યક્તિ સંબંધોમાં વહેંચવાનું, સ્વીકારવાનું અને બીજા માટે જગ્યા બનાવવાનું શીખી જાય છે ત્યાં સંઘર્ષ ઓછો અને શાંતિ વધુ રહે છે. કદાચ કૃષ્ણનો આ સંવાદ આપણને એ જ શીખવે છે કે સંબંધો અધિકારથી નહીં પરંતુ વિશાળ હૃદય અને સ્વીકારથી સુંદર બને છે.

જામવતીનો પ્રસંગ તો સંબંધોના મૂળ તત્ત્વને સ્પર્શી જાય છે. જ્યારે કૃષ્ણ સ્યામંતક મણિ લેવા જામવન પાસે પહોંચે છે, ત્યારે જામવન પોતાની પુત્રી જામવતીનો હાથ કૃષ્ણને સોંપે છે. એ સમયે જામવતી ખૂબ સંકોચ સાથે કહે છે કે “કદાચ હું બાકીની રાણીઓ જેવી સુંદર નથી, મારાં રૂપ-રંગ અલગ હશે પરંતુ હું તમને સંપૂર્ણ સમર્પિત છું.” ત્યારે કૃષ્ણ ખૂબ સુંદર રીતે સમજાવે છે કે કોઈ પણ સંબંધ માત્ર રૂપ-રંગથી બંધાતા નથી; સંબંધોને સાચે મજબૂત બનાવે છે વ્યક્તિનો પ્રેમ, ત્યાગ અને સમર્પણ ભાવ. કારણ કે સમય સાથે સૌંદર્ય બદલાય છે પરંતુ લાગણી અને સમર્પણ સંબંધને આખી જિંદગી જીવંત રાખે છે.






આજના અનેક લગ્નજીવનમાં પણ એક વાત વારંવાર જોવા મળે છે. ઘણી વખત લગ્ન પહેલાં કોઈ કારણસર પતિએ પત્નીને પ્રથમ વખત પસંદ ન કરી હોય અથવા કોઈ સંકોચ રહ્યો હોય અને પછી લગ્ન થયા હોય. ત્યાર બાદ વર્ષો સુધી પત્ની મજાકમાં કે મનમાં એ વાત દોહરાવતી રહે છે – “હું તો તમને ગમતી જ નહોતી તમે તો જબરદસ્તી પરણ્યા!” પરંતુ આવી વાતો અજાણતા સંબંધમાં અંતર અને પોતાના મનમાં દુઃખ જ વધારતી રહે છે. તેના બદલે જો સંબંધમાં વ્યક્તિ પોતાનો દેખાવ, રૂપ અને જૂની વાતોને બાજુ પર રાખીને માત્ર પ્રેમ, લાગણી અને સમર્પણને મહત્ત્વ આપે તો એ સંબંધ સૌથી મજબૂત બની શકે કારણ કે આખરે જીવનના લાંબા પ્રવાસમાં ચહેરાનો રંગ નહીં પરંતુ હૃદયનો ભાવ જ સાથ નિભાવે છે.

‘કૃષ્ણાવતારમ’ ફિલ્મનો એક અત્યંત વ્યથિત કરી નાખતો પ્રસંગ ત્યારે આવે છે જ્યારે કૃષ્ણ દુઃખી બેઠા હોય છે અને દાઉ બલરામ તેમના દુઃખનું કારણ પૂછે છે ત્યારે કૃષ્ણ વ્યથિત સ્વરે કહે છે – “દાઉ ભૈયા, આ કેવો યુગ છે? ભરેલી સભામાં કુળવધૂનું પોતાના જ પરિવારજનો દ્વારા ચીરહરણ થાય છે અને ત્યાં બેઠેલા વિદ્વાનો, વડીલો અને ગુરુજનો બધું જોઈને પણ મૌન રહે છે!” આ માત્ર મહાભારતની ઘટના નથી; આ દરેક સમયને પ્રશ્ન પૂછતો એક અરીસો છે. અન્યાય કરનાર જેટલો દોષી હોય છે, એટલો જ દોષ ઘણી વખત એ લોકોનો પણ હોય છે જે બધું જોઈને ચૂપ રહે છે.

આજના સમાજમાં પણ નાની દીકરીઓથી લઈને સ્ત્રીઓ સુધી અનેક અત્યાચારો ઘણી વખત પોતાના જ ઓળખીતાઓ, સંબંધીઓ અથવા સમાજના લોકો દ્વારા થાય છે. સૌથી વધુ દુઃખદ વાત એ છે કે ઘણી વખત સમાજ “આ તો આપણા ઘરમાં નથી થતું” કહીને આંખ આડા કાન કરી દે છે. ક્યારેક ભય, ક્યારેક બદનામી અને ક્યારેક સંબંધ તૂટી જવાના ડરથી લોકો પોતાના જ ઘરની સ્ત્રીઓ સાથે થયેલા અન્યાયને પણ ચૂપચાપ સહન કરવા કહે છે. પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે જ્યારે સારા લોકો મૌન ધારણ કરે છે ત્યારે અન્યાય વધુ નિર્ભય બની જાય છે. કદાચ કૃષ્ણનો આ દુઃખભર્યો પ્રશ્ન આજે પણ આપણને એ જ યાદ અપાવે છે કે અન્યાય સામે અવાજ ઉઠાવવો માત્ર હિંમત નથી પરંતુ સમાજ પ્રત્યેની જવાબદારી પણ છે.

કદાચ આ જ કારણ છે કે આપણી પૌરાણિક કથાઓ અને સાહિત્યને માત્ર કથા તરીકે નહીં પરંતુ જીવનના માર્ગદર્શક તરીકે જોવાની જરૂર છે. આ કથાઓમાં માનસશાસ્ત્ર છે, સંબંધવિજ્ઞાન છે, સમાજની સમજ છે અને જીવન જીવવાની દિશા છે. છેલ્લાં ત્રીસ વર્ષના મારા સામાજિક અને પારિવારિક કાર્યોમાં મેં અનેક વખત અનુભવ્યું છે કે જ્યારે લોકો આ દ્રષ્ટાંતોને જીવન સાથે જોડે છે, ત્યારે સંબંધોના ઉકેલ વધુ સરળ બનતા જાય છે. કૃષ્ણ માત્ર દેવ નથી; તેઓ સંબંધોને સમજાવતો એક જીવંત અનુભવ છે – અને કદાચ એટલા માટે જ હજારો વર્ષ પછી પણ તેઓ દરેક યુગમાં પ્રાસંગિક લાગે છે.

વિશ્વ પરિવાર દિવસની પૂર્વભૂમિકા વચ્ચે કદાચ આજે ફરીથી આપણે વિચારવાની જરૂર છે કે પરિવારને સાચવવા માટે માત્ર સાથે રહેવું પૂરતું નથી; એકબીજાને સમજવું, સ્વીકારવું અને ક્યારેક મૌન રહીને પણ સંબંધોને બચાવવું આવશ્યક છે. કૃષ્ણના જીવનનાં આ દ્રષ્ટાંતો હજારો વર્ષ જૂના હોવા છતાં આજે પણ એટલા જ જીવંત લાગે છે કારણ કે પરિવારના પ્રશ્નો બદલાયા હશે પરંતુ સંબંધોની લાગણીઓ હજુ એ જ છે. જો આપણે આપણી પૌરાણિક કથાઓમાંથી સંબંધોના આ મર્મને ફરીથી જીવતા શીખી જઈએ તો કદાચ અનેક પરિવારોમાં સંઘર્ષ ઓછો અને સંવાદ વધુ જન્મી શકે.

Instagram@gita.shroff